# Shree Somnath Sanskrit University
## Constituent College & P.G. Department
"Prabhasjyoti", Academic Building, Rajendra Bhuvan Road,
Veraval-362 266, Dist.-Gir Somnath, Gujarat (INDIA), Ph.02876-244533

**Head of Department:** Dr. Lalitkumar A. Patel (Mobile No.: 98798 34071) E-Mail: pgdept.sssu19@gmail.com
**Principal:** Dr.Narendrakumar L. Pandya (Mobile No. : 98985 40403) E-Mail: sssucollege@gmail.com


पत्रक्रमांक : ससससयु/शैक्षणिक/कोलेज-अनुस्नातक/शिष्यवृत्ति/१५७८/२०२० दि.२२.१२.२०२०

**परिपत्र (Circular) I.M.P.:**

विषय : गुजरात सरकारश्री की पोस्ट मेट्रीक शिष्यवृत्ति – २०२०/२०२१ की विविध योजना में फोर्म भरने विषयक।

संदर्भ : (१) अत्रेना कार्यालय पत्रक्रमांक : ससयु/युजी एवं पीजी/एस.टी.स्कोलरशीप/१४६४/२०, दि.२६.११.२०२०

(२) मददनीश कमिश्नर, आदिजाति विकास, राजकोट का पत्रक्रमांक : मक/आवि/राज/पोमेस्को/शाखा ६/ २०२०-२१/३०४५ से ३३९५, दि.११.१२.२०२०

(३) https://www.digitalgujarat.gov.in पर दर्शित Date Extend Scheduled Time-Table Copy

श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी संचालित संस्कृत कोलेज एवं अनुस्नातक भवन के सभी विद्यार्थीओं को सूचित कीया जाता है की, गुजरात सरकारश्री के SC, ST and SEBC शाखा द्वारा वर्ष २०२०/२०२१ में विभिन्न शिष्यवृत्ति की योजनाओं मे आवेदन ओनलाइन करने की समयावधि संदर्भ-३ दर्शित पत्रक्रमांक से बढाके दिनांक : १५.०१.२०२१ की है। **अत: SC, ST and SEBC छात्रों अपना शिष्यवृत्ति फोर्म एवं डोक्युमेन्ट निम्नलिखित सूचनाओं का पालन करते हुए दिनांक : १५.०१.२०२१ तक आवश्यक रूप से जमा करदें। अन्तिम दिनांक के बाद प्राप्त हुए फोर्म मान्य नही रहेगें और इसकी जिम्मेदारी विद्यार्थी की होगीं।**

१. संदर्भ-२ दर्शित पत्र से विद्यार्थीओं को https://www.digitalgujarat.gov.in के माध्यम से Online Scholrship Apply करने विषयक मार्गदर्शिका इसके साथ सम्मिलित है, उसका अध्ययन करने के बाद फोर्म भरें। एवं संदर्भ - ३ दर्शित Scheduled Time-Table For all the eligible SC/ST/OBC/EBC/Minority/SEBC Students studying at Post Matric Courses Scholrship की कोपी इस के साथ सम्मिलित है जिनका अभ्यास करके अनुसरण करें।

२. **यह शिष्यवृत्ति योजना में केवल गुजरात राज्य के Domisile विद्यार्थी ही आवेदन कर सकते हैं। (Apply Schlorship Form Only Gujarat State Domisile Students.)**

३. ओनलाइन आवेदन में सत्र की शरूआत दिनांक एवं सत्र समाप्त दिनांक और फी का विवरण इसके साथ सम्मिलित पत्रक में दिया गया है। उसमें से विद्यार्थी अपनी कक्षा की फी (वार्षिक) माहिती ओनलाइन भरनी हैं। इसमें किसी भी प्रकार की गलति ना करें।

४. एक विद्यार्थी को किसी एक योजना में शिष्यवृत्ति फोर्म भरना है। आपके द्वारा ओनलाइन किये गये आवेदन में कार्यालय-कोलेज/अनुस्नातक भवन को चेक करते समय यदी किसी प्रकार की क्षति (Query) मालूम पडती है। तब विद्यार्थी को ओनलाइन आवेदन Return कर दिया जायेगा। जिस के लिए विद्यार्थी को समयांतर पर अपना ओनलाइन Status चेक करते रहेना होगां। Return किये गये आवेदन फोर्म में मांगी गई माहिती पुन: सुधार/स्थापित करके Submit करना है।

५. https://www.digitalgujarat.gov.in पर ओनलाइन आवेदन करने के बाद विद्यार्थीओं अपना Username & Password सुरक्षित संग्रहित करना है। ओनलाइन आवेदन फोर्म भरने में विद्यार्थी आवश्यकता होने पर Form ओनलाइन भरने का Vedio Youtube पर देख सकते है। और फोर्म भरते समय आवश्यक टेकनिकल सपोर्ट के लिए 18002335500 पर संपर्क कर सकते है।

६. विद्यार्थीओं को निम्नलिखित डोक्युमेन्ट ओरीझनल कोपी में स्केन (Origional documents with cleare readble quality copy attaché.) करके ओनलाइन अपलोड करने होगें और उनकी नकल फोर्म के साथ अन्तिम दिनांक से पहेले कार्यालय में जमा करनी होगीं।
**(फोर्म की हार्डकोपी में विद्यार्थी को अपने हस्ताक्षर करके फोर्म भेजना है।)**

- **List of necessary document:**
  01. Cast Certificate issued by competent authorities
  02. First page of Bank Passbook/Cancelled Cheque showing IFSC Code and Account Number
  03. Fee Receipt of Current Course Year
  04. Income Certificate issued by competent authorities
  05. Marksheet of Previous academic last board/University examination
  06. Latest Passport color photograph and signature
  07. School Leaving Certificate
  08. Adhar Card
  09. Affidavit copy only for those students which are one than more year educational gap.
  10. Other online uploaded certificate/marksheet copy

७. विद्यार्थी अपना आवेदन ओनलाइन करते समय अपनी पर्सनल माहिती, बेंक खाता माहिती, जाति, इन्कम, आधार कार्ड एवं शैक्षणिक माहिती का विवरण अपने डोक्युमेन्ट के अनुसार सही भरें। एकबार फोर्म सबीमट करने से पहेले सुनिश्चित भी करलें। गलत माहिती के कारण आपका आवेदन निरस्त हो सकता है।

Principal
प्रधानाचार्य
Sanskrit College
Shree Somnath Sanskrit University
Somnath-Veraval

अध्यक्ष
Head of Department
P. G. Department
Shree Somnath Sanskrit University
VERAVAL

*संलग्न डोक्युमेन्ट : अभ्यासक्रम वार्षिक फी पत्रक, संदर्भ-१, २ एवं ३ दर्शित पत्र नकल

*प्रति, नकल रवाना :

०१. सभी अनामत केटेगरी के छात्रों की और वोट्सअप ग्रुप के माध्यम से अग्रेसारित।
०२. अध्यक्षश्री, SC/ST Cell अग्रिम कार्यवाही अर्थे।
०३. अध्यक्षश्री, OBC/SEBC/EWS Cell अग्रिम कार्यवाही अर्थे।
०४. कम्प्युटर प्रोग्रामरश्री, युनिवर्सिटी वेबसाइट पर अपलोड करने हेतु।
०५. नोटिस बोर्ड, शैक्षणिक भवन, श्री सोमनाथ संस्कृत युनिवर्सिटी, वेरावळ।
०६. सबन्धीत फाइल पर।

## Scheduled Time Table For all the eligible SC/ST/OBC/EBC/ Minority/SEBC students studying at Post matric courses

| No | Activities (કામગીરી) | Date (તારીખ) |
|---|---|---|
| | **Fresh form** (ફ્રેશ ફોર્મ) and **Renewal form** (રીન્યુઅલ ફોર્મ) **both Outside state and within state** | |
| 1 | **Last date for Submission of Online Applications Students** (વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન એપ્લીકેશન સબમીટ કરવાની છેલ્લી તારીખ | **15-01-2021** |
| 2 | Last date of taking a printout of Submitting the same, along with the Scheme Specific Documents by the Students to their respective Institutes (ઓનલાઈન એપ્લીકેશનની પ્રિન્ટઆઉટ લઈને તેની યોજનાની અનુરૂપ ચોક્કસ ડોક્યુમેન્ટસની સાથે વિદ્યાર્થીઓ દ્વારા તેઓની સંબધિત સંસ્થાઓમાં જમા કરાવવાની છેલ્લી તારીખ | **20-1-2021** |
| 3 | **Last date for Scrutiny & Forwarding of Online Applications by Institutes** સંસ્થાઓ દ્વારા ઓનલાઈન એપ્લીકેશન ચકાસણી કરી આગળ મોકલવાની તારીખ | **22-1-2021** |
| 4 | **Last date of Submission of the duly attested Verified Students Lists & Printed Applications Forms by Institution to the respective Department District Officers** સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓની ચકાસણી કરેલ અરજીઓની પ્રિન્ટેડ નકલો સંબધિત વિભાગના જિલ્લા અધિકારીઓ પાસે જમા કરાવવાની છેલ્લી તારીખ | **25-1-2021** |

**It may be noted that above stated dates shall not be extended under any circumstances.**

- **Students are hereby requested to keep their Digital Gujarat User ID & Password confidential. In case of any mis-credit/malfunction happens due to sharing of credential, student will be held responsible.**
- **Students have to be very careful while furnishing their bank account information any wrong entry department will not be held responsible for mis- credit.**
- **Please follow the covid 19 guidelines issued by state and central government**

# Shree Somnath Sanskrit University
## Constituent College & P.G Department

"Prabhasjyoti", Academic Building, Rajendra Bhuvan Road,
Veraval-362 266, Dist.-Gir Somnath, Gujarat


જા.નં. : સસયુ/યુ.જી.,પી.જી./એસ.ટી.સ્કોલરશીપ/...૧૫૬૫../૨૦ તા.૨૬.૧૧.૨૦૨૦

## -:: પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ ૨૦૨૦-૨૧ અંગેની ખાસ સૂચના :: -

વિષય :- ડીજિટલ ગુજરાત પોર્ટલ પર પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ બાબત.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત સંસ્કૃત કોલેજ અને અનુસ્નાતક વિભાગમાં ચાલુ શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧માં અભ્યાસ કરતાં વિકસતી જાતિ,અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને જણાવવાનું કે, અત્રેની કોલેજ અને અનુસ્નાતક વિભાગના ઉક્ત દર્શાવેલ જાતિ મુજબના તમામ વિદ્યાર્થીઓ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ મેળવે એમાટે આ સાથેની માર્ગદર્શક સૂચનાઓ, વખતો વખતની તમામ સૂચનાઓનું ચુસ્ત પણે પાલન કરી લાગુ પડતા તમામ વિદ્યાર્થીઓને સમયમર્યાદામાં અરજી કરવા જણાવવામાં આવે છે.

- ✓ જે-તે અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ અરજી ડીજિટલ ગુજરાત પોર્ટલ (https://www.digitalgujarat.gov.in)ના માધ્યમથી કરવાની રહેશે. અરજી કરતા પહેલા આ સાથે સામેલ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટેની માર્ગદર્શિકાનો અભ્યાસ કરી લેવો.
- ✓ વિદ્યાર્થીઓએ નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન ઓનલાઇન અરજી/એપ્લીકેશન સબમીટ કરવાની છેલ્લી તારીખ 30.11.2020 છે. બાકી રહેતા તમામ વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન અરજી/એપ્લીકેશન સબમીટ કરવાની છેલ્લી તારીખ 10.12.2020 છે.
- ✓ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી/એપ્લીકેશનની પ્રિન્ટઆઉટ લઇને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટેની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબના ડોક્યુમેન્ટ્સ (સ્વપ્રમાણિત કરી)ની સાથે કોલેજ/અનુસ્નાતક વિભાગ કાર્યાલયમાં તા.૩૦.૧૧.૨૦૨૦ સુધીમાં કુરીયર/પોસ્ટ/રૂબરૂ જમા કરાવવાના રહેશે. જ્યારે બાકી રહેલ વિદ્યાર્થીઓએ તા.૧૪.૧૨.૨૦૨૦ સુધીમાં કુરીયર/પોસ્ટ/રૂબરૂ જમા કરાવવાના રહેશે. અધુરા ડોક્યુમેન્ટ્સ કે અધુરી વિગતો તેમજ નિયમાનુસાર ન હોય એવી અરજીઓ માન્ય રહેશે નહીં. નિયત તારીખ બાદ પ્રાપ્ત થયેલ અરજીઓની સંપૂર્ણ જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે.
- ✓ વિદ્યાર્થીઓએ પોતાના Login ID-Password સુરક્ષિત જગ્યાએ નોંધી રાખવાનો રહેશે.
- ✓ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ : ૨૦૧૯-૨૦ માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં હશે એટલે એવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનું નથી "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે.
- ✓ વિદ્યાર્થીઓએ માર્ગદર્શક સૂચનાઓમા જણાવ્યા મુજબના ડોક્યુમેન્ટ્સ સ્પષ્ટ વંચાય એ રીતે (ઓરીઝનલ ડોક્યુમેન્ટ્સ) સ્કેન કરી અપલોડ કરવાના રહેશે.
- ✓ બેન્ક ખાતાની તમામ વિગતો તેમજ આધારકાર્ડની વિગતો ચકાસી લેવાની રહેશે.
- ✓ ઓનલાઇન એપ્લાઇ કરી સબંધિત ડોક્યુમેન્ટ્સ નિયત તારીખ પહેલા જમા કરાવવા અનિવાર્ય છે.
- ✓ વિદ્યાર્થીઓએ જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર જ એપ્લાય કરવાનું રહેશે.
- ✓ ફી ની વિગતો તેમજ પ્રવેશ વગેરેની તારીખો આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.
- ✓ વિદ્યાર્થીઓ કોઇ એક યોજનામાં જ એપ્લાઇ/અરજી કરી શકશે.
- ✓ ગુજરાત બહારના વિદ્યાર્થીઓએ કોઇ એક રાજ્યમાં જ અરજી કરવાની રહેશે તેમજ તે અંગેનું પ્રતિજ્ઞાપત્ર આપવાનું રહેશે.

આચાર્ય
Principal
Sanskrit College
Shree Somnath Sanskrit University
Somnath-Veraval

અધ્યક્ષ
Head of Department
P. G. Department
Shree Somnath Sanskrit University
VERAVAL

નકલ રવાના અમલવારી તથા જાણ સારૂ :-

1. તમામ વિદ્યાર્થીઓના વોટ્સએપગ્રુપમાં અમલવારી તથા જાણ સારૂ.
2. શૈક્ષણિક ભવન ટિચીંગ સ્ટાફ વોટ્સએપગૃપમાં વિદ્યાર્થીઓને જાણ કરવા સારૂ.
3. નોટિસ બોર્ડ પર
4. સબંધિત ફાઇલ પર.

## Shree Somnath Sanskrit University, Veraval Constituent College & P. G. Department

### Fees Structure for Scholarship (Yearly)

| Type of Fees | Shastri-1 | | Shastri-2 | | Shastri-3 | | Acharya-1 | | Acharya-2 | | M.Phil. | | MA-1 SEM-1 & 2 YOC | | YOG MA-PART-2 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE | MALE | FEMALE |
| Enrollment Fees | 100 | 100 | 0 | 0 | 0 | 0 | 100 | 100 | 0 | 0 | 100 | 100 | 100 | 100 | 0 | 0 |
| Tution Fees | 1200 | 0 | 1200 | 0 | 1200 | 0 | 1200 | 0 | 1200 | 0 | 3500 | 3500 | 3000 | 3000 | 1500 | 1500 |
| Misc. Fees (NonRefundable fees) | 550 | 550 | 500 | 500 | 500 | 500 | 550 | 550 | 500 | 500 | 550 | 550 | 550 | 550 | 200 | 200 |
| Exam Fees | 1300 | 1300 | 1300 | 1300 | 1300 | 1300 | 1400 | 1400 | 1400 | 1400 | 2700 | 2700 | 1400 | 1400 | 1000 | 1000 |
| **Total Fees** | **3150** | **1950** | **3000** | **1800** | **3000** | **1800** | **3250** | **2050** | **3100** | **1900** | **6850** | **6850** | **5050** | **5050** | **2700** | **2700** |

**First Term Starting Date : 14.06.2020**

**Second Term Ending Date : 09.06.2021**

Principal
Sanskrit College
Shree Somnath Sanskrit University
Somnath-Veraval

Head of Department
P. G. Department
Shree Somnath Sanskrit University
VERAVAL



11/26/2020 12:56 PM

વર્ષ ૨૦૨૦-૨૧ આયોજન
ડિઝીટલ ગુજરાત પોર્ટલ
અગત્યનું/સમયમર્યાદા

નં.મક/આવિ/રાજ/પોમેસ્કો/શાખા ક/ ૨૦૨૦-૨૧/
મદદનિશ કમિશ્નર (આ.વિ.)ની કચેરી
જિલ્લા સેવા સદન ૩, ૧ લો માળ, બ્લોક નં ૧,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
તા.૧૧/૧૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,/ડીનશ્રી/ડાયરેક્ટરશ્રી/રજીસ્ટારશ્રી,
તમામ ખાનગી સંસ્થા, કોલેજ,
(સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના
કોના ....)

વિષયઃ- વર્ષ:૨૦૨૦-૨૧નીઅનુ.જનજાતિનાવિદ્યાર્થીઓમાટેનીપોસ્ટમેટ્રીકશિષ્યવૃત્તિ / ફુડબીલસહાય / સાધન-સહાય / ITI સ્ટાઇપેન્ડ / ખાનગીટ્યુશનસહાય / ટેબલેટ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal **મારફત કરવા બાબત** (https://www.digitalgujarat.gov.in)

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ગત વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ના દરમ્યાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. તેમજ અન્ય સંસ્થાઓમાંઅભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સહાય મંજૂર કરીચુકવણું DBTથી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ દરમ્યાન **ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓમાં** અભ્યાસ કરતાં અનુ.જનજાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનેઆ **સાથેનાપત્રક-અ મુજબની યોજનાઓની ઓનલાઇન અરજીઓ આ સાથેના "માસવાર આયોજન"** પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ **મુજબ** Digital Gujarat Portal **પર ઓનલાઇન કરવાની રહેશે. જે** બાબતે **કમિશ્નરશ્રી**, આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા.ગાંધીનગરના દ્વારા **દૈનિક પત્રોમાં જાહેરાત** આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે.)

**ઉક્ત જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે ફરી આપની જાણ સારૂ આપવામાં આવે છે.**

A. <u>વિદ્યાર્થીઓએ કરવાની/સમજવાની કાર્યવાહીઃ-</u>

(૧) **પ્રથમ વિદ્યાર્થીઓએ** Digital Gujarat Portal **વેબસાઇટપર** Citizen **તરીકેનવુંરજીસ્ટ્રેશન** કરવાનુ રહેશે. **નવુ રજીસ્ટ્રેશન આધાર નંબર,** E-mail ID, **મોબાઇલનં તેમજ પોતે નક્કીકરેલ પાસવર્ડ દ્વારા કરાવવાનું** રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાનો રહેશે. **રજીસ્ટ્રેશન વખતે** E-mail ID **અને મોબાઇલ** નંબર ફરજીયાત **નાખવાનો હોવાથી વિદ્યાર્થીઓનું** E-mail-ID **અને મોબાઇલ નંબર હોવો ફરજીયાત છે.** (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની **શિષ્યવૃત્તિ/સહાય મળી ન જાય ત્યા સુધી**

ચાલુ હાલતમાં રાખવા વિનંતી છે.) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાના મોબાઇલ નંબર/આધારકાર્ડ / Email Id ને યુઝર નેમ તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ Login કરી પોતાની પ્રોફાઇલ (My Profile) Update કરવાની રહેશે.

જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રોફાઇલ પર રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ કે વર્ષ ૨૦૧૯-૨૦ માં શિષ્યવૃતિ યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય, ટેબલેટ માટે અરજી કરેલ હોય કે પોર્ટલની અન્ય શિષ્યવૃતિ યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ સીધા અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો ID-Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forget Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇડી પણ તમારું યુઝર User-ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forget Password" મેનુ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(3) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Scholarship" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃતિ યોજનામાં એપ્લાય થઇ શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship" Option પર ક્લિક કર્યા બાદ "Select Financial Year"મેનુમાં વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯કે વર્ષ:૨૦૧૯-૨૦ સીલેક્ટ કર્યેથી જો વર્ષ:૨૦૧૭-૧૮,વર્ષ:૨૦૧૮-૧૯ કે વર્ષ:૨૦૧૯-૨૦ માં કોઇ શિષ્યવૃતિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે અને ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Select Financial Year" મેનુમાં વર્ષ:૨૦૨૦-૨૧ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ:૨૦૧૯-૨૦માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal"મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો ચકાસી લેવાની રહેશે અને રીન્યુઅલ માટે જરૂરી એવી ગત વર્ષની માર્કશીટ, ફી ભર્યાની પહોંચ વિગેરે અપડેટ કરી અરજી મોકલી આપવાની રહેશે. જો આવકના દાખલાને ત્રણ વર્ષ પૂર્ણ થયેલ હોય કે આવકમાં કોઇ ફેરફાર થયેલ હોય તો તે પણ ફરી અપલોડ કરવાના રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" મેનુમાં જઇને વર્ષ ૨૦૨૦-૨૧ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી "Login" મેનુ પર ક્લીક કરી "Citizen Login"માં જઇ પોતાના Id-Passwordથી લોગીન કરવાનું રહેશે. લોગીન કર્યા બાદ "Scholarship" Option માં જઇ "Select Financial Year" મેનુમાં વર્ષ ૨૦૨૦-૨૧ સીલેક્ટ કરી "Request a New Service" પર કલીક કરવાનું રહેશે ત્યારબાદ "ST (Scheduled Tribes)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. તમામ વિગતો અને ડોક્યુમેન્ટ Upload અપલોડ થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને પુરેપુરી અરજીપત્રક ભરાઇ ગયા બાદ ફાઇનલ કરી Submit કરવાનુ રહેશે જેથી અરજી વિદ્યાર્થીના સબંધિત શાળા/કોલેજના લોગીનમાં ઓનલાઇન જતી રહેશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી શાળા/કોલેજને જમા કરાવવાના રહેશે તથા અરજીની એક નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) કરવું જરૂરી છે. આથી તમામ વિદ્યાર્થીઓ તેમના આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટ સાથેનું લીકીંગ (સીડીંગ) જો બાકી હોય તો તાત્કાલિક પોતાની બેન્કને વિગતો પુરી પાડી લીકીંગ (સીડીંગ) કરાવી દે તેવી વિનંતી કરવામાં આવે છે.

તમામ વિદ્યાર્થીઓએ પોતાનું બેંક ખાતુ ઇનએક્ટીવ/ફ્રીઝ ન થાય તેની ખાસ કાળજી લેવાની થાય છે. તેમજ શિષ્યવૃતિનું ફોર્મ ભરતી વખતે બેંકની ખાતાની વિગતો સચોટ ભરવાની રહેશે. જેથી ટ્રાંઝેક્શન ફેઇલ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.

(૮) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે "Instruction"પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૯) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે અનુસૂચિત જનજાતિના ધો:૧૧ તથા ૧૨ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તા: ૧૦/૧૧/૨૦૨૦ થી તા:૧૦/૧૨/૨૦૨૦ સુધીમાં તેમજ બાકીના કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા વિગેરે કક્ષાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનેશિષ્યવૃતિ/સહાય મેળવવા માટે તા:૧૦/૧૧/૨૦૨૦ થી ૨૦/૧૨/૨૦૨૦ સુધીમાં વેબસાઇટ https://www.digitalgujarat.gov.inપર લાગુપડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓકરવાની રહેશે.

(૧૦) ગુજરાતના મૂળવતની હોય તેવા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજ્ય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Digital Gujarat Portalપર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની

નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતાઅને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ સાથે મૂળ વતનના જિલ્લાની કચેરીએ જમા કરાવવાની રહેશે.

(૧૧) જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડ કઢાવી એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ અનુક્રમે (૧) (VKY-6.1)Post Matric Scholarship for ST Students (GOI) (Freeship Card Students Only)" તથા (૨) Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Student Only) યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે. ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો તેવા વિદ્યાર્થીની શિક્ષણફી જે તે કોલેજ/સંસ્થાને મળી શકશે નહિ જેની જવાબદારી જે તે વિદ્યાર્થી/સંસ્થાની રહેશે. તેમજ વિદ્યાર્થી ફ્રીશીપકાર્ડ સિવાયની યોજનામાં એપ્લાય કરશે તો તેવા વિદ્યાર્થીઓની ટ્યુશન ફી જે તે સંસ્થાને મળી શકશે નહિ અને તે અંગેની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(૧૨) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં નહિ આવે જે ધ્યાને લેવાનુ રહેશે.

(૧૩) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થીઓ રીન્યુઅલ છે તે વિદ્યાર્થીઓની સત્ર શરૂઆતની તારીખ અગાઉના વર્ષનુ સત્ર પુરૂ થયુ હતુ ત્યારના તુર્ત જ બાદના મહિનાની નાખવાની રહેશે અને ફ્રેશ વિદ્યાર્થીઓના કિસ્સામાં વિદ્યાર્થીએ જ્યારથી એડમિશન લીધેલ હોય તે જ તારીખ નાખવાની રહેશે. (અત્રે વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ નાખવાની રહેશે. સેમેસ્ટરની કે છ મહિનાની તારીખ નાખવાની નથી.)

(૧૪) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષવાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાના રહેશે.

(૧૫) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ સોગંધનામુ કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

જો કોઇ પણ વિદ્યાર્થીઓના સોગંધનામા ખોટા કરેલા માલૂમ પડશે તો ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૬) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા વધારા કરી શકશે નહિ. વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો પોતાની સંસ્થાને અરજી પરત કરવાનુ કહેવાનુ રહેશે ત્યારબાદ વિદ્યાર્થી કોઇ સુધારા વધારા કરી શકશે.

(૧૭) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી Egram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૮) વિદ્યાર્થીએ ડીઝીટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો જરૂર જણાયે હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

B. **સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-**

(૧) ગત વર્ષે શાળા/કોલેજ/ યુનિવર્સિટી / ITI / સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃતિ/સહાય/ટેબલેટ યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સસ્થાઓ માટે તેઓનો By Default Login ID સંસ્થાનો AISHE કોડ રહેશે જ્યારે By Default Password "Abcd@123" રહેશે. જે સંસ્થાઓ પાસે AISHE કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી KCG, Ahmedabad પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો DISE કોડ તેનો Login ID રહેશે જ્યારે By Default Password: Abcd@123 રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ Default પાસવર્ડ Change કરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન થયેથી તમામ કોલેજ/યુનિવર્સિટીએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે અને કોલેજ / યુનિવર્સિટીમાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો અપડેટ કરવાની રહેશે. કોલેજ/યુનિવર્સીટી દ્વારા કોર્ષની વિગતો અપડેટ કરવામાં આવશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે Website પર જે તે કોલેજનુ નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી.

વધુમાં સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ ITI એ પોતાનો ID Password પોતાની રીઝીઓનલ ઓફીસ (RDD) પાસેથી મેળવી લેવાનો રહેશે જ્યારે પ્રાઇવેટ ITI ની કામગીરી પોતાના નોડલ ITI પાસેથી કરાવવાની રહેશે.

(૨) કોલેજ / યુનિવર્સિટીકક્ષાની તમામ સંસ્થાઓએ લોગીન કર્યા બાદ પોતાની ઓનલાઇન પ્રોફાઇલમાં બેંકની વિગતો જેવી કે બેંકનો IFS Code, બેંક એકાઉન્ટ નંબર, બ્રાન્ચનુ નામ, બેંક હોલ્ડરનુ નામ વિગેરે ચોકસાઇથી નાખવાના રહેશે. કેમ કે "ફ્રી શીપ કાર્ડ" ધરાવતા વિદ્યાર્થીઓની શિક્ષણફી સીધા જ કોલેજના સદરહું ખાતામાં જમા થશે. જો કોઇ કોલેજ પોતાની બેંકની વિગતો ખોટી નાખશે અને રકમ અન્ય ખાતામાં જમા થઇ જશે તો તેવી કોઇપણ રકમ સરકારશ્રી માથી સંસ્થાને ફરી મળવાપાત્ર રહેશે નહિ.વધુમાં બેંક હોલ્ડર નામમાં માત્ર "Principal" , "Dean" આવા શબ્દો લખવા નહિ બેંક હોલ્ડર નામમાં સંસ્થાનુ બેંકમાં જે નામ ચાલતુ હોય તે પુરૂ નામ લખવાનું રહેશે.

(3) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ જે તે કેટેગરી–જાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીની યોજનામાં મહ્ત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

(૪) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ

વિદ્યાર્થીઓના Online Applicationના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે. અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી)પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે. જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે.

અન્ય સૂચનાઓ:-

(૧) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓજે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની ફાઇલ અલગ, ભોજનબીલની ફાઇલ અલગ વિગેરે.

(૨) શિષ્યવૃતિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃતિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(3) જરૂર જણાય સંસ્થાએ અનુસૂચિત જનજાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક સુવિધા યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૪) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલર કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે આવો ત્યારે રજુ કરવાના રહેશે. જો શાળા/સંસ્થા પાસે ફી રેગ્યુલર કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ માત્ર નિભાવ ભથ્થુ જ મળવાપાત્ર થશે શિક્ષણ ફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલર કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી નાખવાની રહેશે અને જે ફી નાખવામાં આવ તે વાર્ષિક નાખવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની નાખવી નહિ)

(૫) ગુજરાત રાજ્યના મુળ વતની હોય તેવા અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની દરખાસ્તો જ રજુ કરવાની રહેશે.

(૬) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે.

(આવકના દાખાલાઓ મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રીના બીડવા)

(૭) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૮) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/ સિક્કા વાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૯) આદિજાતિ વિકાસ વિભાગ, ગુ.રા. ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર/કન્યા છાત્રાલયો તથા સરકારશ્રી દ્વારા સંચાલીત છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રહેવા અને જમવાની સગવડ મફત હોય તેઓને ૧/૩ (વનથર્ડ) ના દરે શિષ્યવૃતિ (નિભાવદર) આકારવામાં આવશે

(૧૦) અમુક વિદ્યાર્થીઓ પોતાનુ આવકનુ પ્રમાણપત્ર રજુ કરતા હોય છે તેવુ ધ્યાને આવેલ છે. જો વિદ્યાર્થીના પિતા/વાલી હયાત હોય તો પિતા/વાલીની કુટુંબની આવકને ધ્યાને લઇને જ શિષ્યવૃતિનુ ચુકવણું કરવામાં આવશે જેની નોંધ લેવી.

(૧૧) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ ૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૨) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સંસ્થાએ દરેક વિધાર્થીને સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

(૧૪) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃતિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

૦૨૫૦- અન્ય સામાજિક સેવાઓ

૦૨- અનુ. જનજાતિ કલ્યાણ.

૮૦૦ અન્ય પ્રાપ્તિ, VKY - (જે યોજના હેઠળ શિષ્યવૃતિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

(૧૫) ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરી ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે.

(૧૬) ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલય ન્યુ દિલ્હી દ્વારા નિયત કરવામાં આવેલ શિષ્યવૃત્તિ મંજૂરીની ગાઇડલાઇનની જોગવાઇ નં.૯ (૧) મુજબ વિદ્યાર્થીઓની સંતોષકારક પ્રગતિ, સારી વર્તણૂકને ધ્યાને લઇ શિષ્યવૃત્તિ ચૂકવવાની રહેશે. વિદ્યાર્થીઓએ હડતાલમાં ભાગલીધેલ હોય, બિન પરવાનગીએ ગેરહાજર રહેલ હોય અથવા કોઇ ગેરવર્તણૂંક કરેલ હોય અને સંતોષકારક પ્રગતિ જોવા મળેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓનો રીપોર્ટ સંસ્થાના વડાએ શિષ્યવૃત્તિ મંજુર કરનાર અધિકારીશ્રીને મોકલી આપવાનો રહેશે. જેને ધ્યાને લઇ શિષ્યવૃત્તિ મંજુર કરનાર અધિકારી શિષ્યવૃત્તિ રદ કરશે. અથવા તો યોગ્ય લાગે ત્યાં સુધી અટકાવી શકશે. સદર જોગવાઇને ધ્યાને લઇ આ

જોગવાઇનું કડક રીતે પાલન શાળા/કોલેજ/યુનિવર્સિટી દ્વારા થાય તે મુજબની સુચનાઓ આપી કાર્યવાહી કરવાની રહેશે. ઉક્ત મુજબની જોગવાઇ ધ્યાને લઇ તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જો આ મુજબની કાર્યવાહી કરવામાં ચૂક થશે તો સંસ્થાની માન્યતા રદ કરવા સુધીની કાર્યવાહી કરવા સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવશે.

(૧૭) ભારત સરકારશ્રીની ઉક્ત જોગવાઇમાં જણાવ્યા મુજબ જે વિદ્યાર્થીઓ શાળા/કોલેજ/યુનિવર્સિટી છોડી જાય તેવા સંજોગોમાં તે અંગેની જાણ શિષ્યવૃત્તિ મંજૂર કરનાર અધિકારીશ્રીને કરવાની થાય છે આમ છતાં જો આવી કોઇ જાણ અત્રેની કચેરીને કરવામાં નહી આવે અને સંસ્થા દ્વારા જાણી જોઇને આવા ભૂતિયા/ડમી વિદ્યાર્થીઓની શિષ્યવૃતિઓની અરજીઓ અત્રેની કચેરીને ફોરવર્ડ કરવામાં આવશે તો જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરી સંસ્થાની માન્યતા રદ્દ કરવા સુધીની કાર્યવાહી કરવા સરકારશ્રીને જણાવવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

(૧૮) તે જ રીતે જે વિદ્યાર્થીઓ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા હોય તેઓને ફુડબીલ સહાય મંજૂર કરવામાં આવે છે પરંતુ જો તપાસ દરમ્યાન વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહેતા ન હોય છતાં ફુડબીલ સહાય મંજૂર કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે અને તે બાબત ના આધાર-પુરાવા ધ્યાન પર આવશે તો પણ સંસ્થાએ કરેલ ગેરરીતિ અંગે સરકારશ્રીનું ધ્યાન દોરવામાં આવશે તથા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તથા જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

તેમજ છાત્રાલય સંસ્થા સંલગ્ન હોવા બાબતના આધારો ફૂડ બીલની ફાઇલ સાથે જમા કરાવવાની નોંધ લેશો.

૧૯) જે શાળા/કોલેજ/યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા અનુ.જન જાતિના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવ્યા બાદ વર્ષ દરમ્યાન સંસ્થામાં પૂર્ણકાલિન અભ્યાસ કરે તેઓને જ શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે તેમજ જે વિદ્યાર્થીઓ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં વર્ષ દરમ્યાન રહે તેવા સંજોગોમાં જ તેઓને ફૂડબીલ મળવા પાત્ર થાય છે. અત્રેની કચેરીની મુલાકાતો/ચકાસણી દરમ્યાન જો કોઇ સંસ્થામાં ડમી/ભૂતિયા વિદ્યાર્થીઓ હોવાનું માલૂમ પડશે તો તે સંસ્થા સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ તે સંસ્થાની માન્યતા રદ્દ કરવા સુધીની સરકારશ્રીમાં ભલામણ કરવામાં આવશે.

૨૦) હાલની નોવેલ કોરોના વાઇરસની પરિસ્થિતિઓને ધ્યાને લેતા શિષ્યવૃતિનું ચૂકવણૂ સરકારશ્રી દ્વારા આપવામાં આવતી વખતો વખતની સૂચનાઓ તેમજ માર્ગદર્શનને ધ્યાને રાખીને કરવામાં આવશે. જેની સર્વે એ નોંધ લેવી.

૨૧) *આ પરિપત્ર સાથે બિડાણ કરેલ શીટ(નં.૧, ૨ અને ૩) તેમજ બાહેંધરી સંસ્થાના લેટર પેડ પર સંસ્થાના વડાની સહી સાથે જ્યારે સંસ્થા ફાઇલ સબમીટ કરે ત્યારે ફાઇલમાં બીડાણ કરવાની રહેશે.*

૨૨) અધુરાશ વાળી દરખાસ્તો સ્વિકારવામાં આવશે નહી.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ અનુ.જનજાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી એકત્ર કરી દરખાસ્ત એકી સાથે જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરાવવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:- ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે તેમજ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃતિની કામગીરી માટે તેઓના કલાર્કશ્રી ફાઇલ લઇને જિલ્લા કચેરીએ આવે ત્યારે કલાર્કશ્રી જ્યા સુધી શિષ્યવૃતિની કામગીરી પુરી ન થાય ત્યા સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેમજ માસ્ક અને સોશિયલ ડિસ્ટંસીંગના નિયમોનું પાલન કરે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

મદદનીશ કમિશ્નર (વર્ગ ૧)
અદિજાતિ વિકાસ રાજકોટ

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧) કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા., ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ...................................... યુનીવર્સિટી, જિ..........................

(3) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ..................... તરફ જાણ તથા તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

નોંધ :-

(૧) કોવીડ-૧૯ના કારણે સરકારશ્રી ધ્વારા જે કોર્ષ માટે ફી ઘટાડો નક્કી કરવામાં આવશે તે મુજબની ફીચુકવવાની રહેશે.

(૨) ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કોવિડ-૧૯ મહામારીના કારણે વખતો વખત બહાર પાડવામાં આવતી SOP/ઠરાવો/ ઘોષણાપત્ર/ પરિપત્રો/ સુચનાઓનું પાલન કરી નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબના દરોએ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ સૂચનાના સમયગાળા સુધીના સમય માટે જ શિષ્યવૃત્તિ /સહાયની ચૂકવણી કરવામાં આવશે.

# સંસ્થાના વડાએ લેટર પેડ પર આપવાની થતી બાહેંધરી

સ્થળ

તા.

બાહેંધરી

આથી અમો ડીન / આચાર્ય / ડાયરેક્ટર / રજીસ્ટ્રાર, ................................................ કોલેજ/યુનિવર્સિટી બાહેંધરી આપીયે છીયે કે અમોએ મદદનિશ કમિશ્નરશ્રી (આ.વિ.)-રાજકોટ કચેરીનો પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ વર્ષ ૨૦૨૦-૨૧ અંગેનો પરિપત્ર અભ્યાસ કરેલ છે તેમજ તેમાં આપવામાં આવેલ તમામ સૂચનાઓનું સંપુર્ણ પણે પાલન કરેલ છે તેમજ ભવિષ્યમાં કરનાર છીયે. આ સાથે રજૂ કરેલી વિદ્યાર્થીઓની દરખાસ્તોની વિગતો સંપુર્ણ ચકાસેલી છે તેમજ તે યોગ્ય હોઇ આપની સમક્ષ રજૂ કરીયે છીયે. તેમજ સદરહુ કાર્યવાહીમાં કોઇ પણ ત્રુટી રહેશે તો તેની સંપુર્ણ જવાબદારી અમારી રહેશે. જેની અમોને જાણ છે.

સંસ્થાના વડાના નામ સાથે સહી અને સિક્કા

| આદિજાતિ વિકાસ વિભાગ , ગુજરાત રાજ્ય ગાંધીનગર (પત્રક-અ) | | | | | |
|---|---|---|---|---|---|
| માત્રઅનુસૂચિતજનજાતિનાવિદ્યાર્થીઓએDigital Gujarat PortalમારફતOnlineઅરજીકરવાનીથતીયોજનાઓની વિગત | | | | | |
| અ. | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર કે કન્યા | સહાયની વિગત | રીમાર્કસ |
| 1 | Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (VKY-6.1) | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફીમળવા પાત્ર (સરકારશ્રીના નિયમ મુજબ) | - ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 1A | Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (Freeship Card Students Only) (VKY- 6.1) | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર(સરકારશ્રીના નિયમ મુજબ) | - કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- ફ્રીશીપ-કાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થી તથા સંસ્થાને શિષ્યવૃતિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી.<br>- સદરહું યોજનામાં માત્ર શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવશે. |
| 2 | Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) (VKY-6) | આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય | માત્ર કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - ધો૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 2A | Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac)(Freeship Card/Medical Loan Student Only)(VKY-6) | આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય | માત્ર કન્યા | માત્ર નિભાવ ખર્ચ મળવાપાત્ર | - કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીનીઓએ જ એપ્લાય કરવુ<br>- ફ્રીશીપ-કાર્ડ ધરાવતી વિદ્યાર્થીની ઓનલાઇન એપ્લાય નહિ કરે તો વિદ્યાર્થીની તથા સંસ્થાને શિષ્યવૃતિ/શિક્ષણફી મળી શકશે નહિ જેની નોંધ લેવી.<br>- સદરહું યોજનામાં માત્ર શિક્ષણફી કોલેજના ખાતામાં સીધી જમા કરવામાં આવશે જ્યારે અન્ય સહાય વિદ્યાર્થીનીના ખાતામાં જમા કરવામાં આવશે. |
| 3 | Food Bill Assistance to ST Students (VKY-7) | રૂ. ૪.૫૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦/- માસિક સહાય | - સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. |
| 4 | Financial Assistance to Purchase of Instruments and other Stationary for | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને | ૧૦૦૦૦/- Medical<br>૫૦૦૦/- Engineering | - Medical, Engineering, Diplomaના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | Medical and Engineering Students (VKY-7) | | કન્યા | ૩000/- Diploma | અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. |
| 5 | Swami Vivekanand Scholarship for ST Students studying in ITI (VKY-1) | શહેરી વિસ્તાર: રૂ. ૧.૫૦ લાખ<br>ગ્રામ્ય વિસ્તાર: રૂ. ૧.૨૦ લાખ | કુમાર અને કન્યા | ૧)આઇ.ટી.આઇ.રૂ.૪00/- માસિક<br>(૨) ધંધાકીયએકવર્ષનાકોર્ષમાટેરૂ. ૪00/- માસિક | - ITIમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર |
| 6 | Coaching Assistance for Competitive exam and additional tution Assistance for during couse of study<br>(VKY -8 for demand-96)<br>(VKY_7 for demand-93 ) | રૂ. ૪.૫૦ લાખ | કુમાર અને કન્યા | રૂ.૧૫000/- | - અનુ.જનજાતિનાવિધાર્થીઓખાનગીટ્યુશનસહાયનીયોજનાનોલાભલઇધો.૧૧અને૧૨માંવિજ્ઞાનઅનેવિજ્ઞાનપ્રવાહસિવાયતથામેડીકલઅનેએન્જિનીયરીંગ, પોલીટેકનીક, ગુજકેટ, જી.સેટ, પી.એમ.ટી, પીઇટી, સ્લેટઅનેનેટનીપરીક્ષામાંસફળતામેળવીઉચ્ચત્તમકારકીર્દીબનાવવાશકેખાનગી ટ્યુશન કરવા માટે સહાય આપવામાં આવે છે.<br>- ધો:૧૦માં 50% કે તેથી વધુ ટકા આવેલ હોવા જોઇએ |
| 7 | Financial Assistance for 12th passed out ST student for the purchase of Tablet. (VKY -16) | આવક મર્યાદા નથી. | કુમાર અને કન્યા | રૂ. ૧000/- | - અનુ.જનજાતિના જે વિદ્યાર્થીએ શિક્ષણ વિભાગનીટેબલેટ યોજના હેઠળ રૂ.૧000/- ભરીને ટેબલેટ મેળવેલ હોય તે વિદ્યાર્થીને આ યોજના હેઠળ રૂ.૧000/- પરત મળવાપાત્ર છે. |

નોંધ: વિદ્યાર્થીએ ક્રમનં:૧ તથા ક્રમનં: ૨ પૈકીની કોઇપણ ૧ જ યોજનામાં ઓનલાઇન ફોર્મ ભરવાનુ છે, ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે.)

શીટ નંબર ૧

| | |
|---|---|
| સંસ્થાનું નામ | |
| સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમ | |

વર્ષ ૨૦૧૭-૧૮

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | પ્રથમ વર્ષ | | | દ્વિતિય વર્ષ | | | તૃતિય વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

વર્ષ ૨૦૧૮-૧૯

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | પ્રથમ વર્ષ | | | દ્વિતિય વર્ષ | | | તૃતિય વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

વર્ષ ૨૦૧૯-૨૦

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | પ્રથમ વર્ષ | | | દ્વિતિય વર્ષ | | | તૃતિય વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા | કુલ સીટની માન્ય સંખ્યા | તે પૈકિ અનુ જન જાતીના વિદ્યાર્થીઓની સંખ્યા | અનુ. જન જાતીના વિદ્યાર્થીઓ પૈકિ પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ માટે ભરાયેલ ફોર્મની સંખ્યા |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

## શીટ નંબર ૨

### અનુ.જન જાતિના વિદ્યાર્થીઓનો પ્રગતી અહેવાલ

### વર્ષ ૨૦૧૭-૧૮

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | વર્ષ અંતિત પરિણામ(જો સેમેસ્ટર સિસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરના પરિણામની માહિતી આપવી) | વિદ્યાર્થી આગળના વર્ષમાં જવા એલીજીબલ બનેલ છે? હા કે ના |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

### અનુ.જન જાતિના વિદ્યાર્થીઓનો પ્રગતી અહેવાલ

### વર્ષ ૨૦૧૮-૧૯

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | વર્ષ અંતિત પરિણામ(જો સેમેસ્ટર સિસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરના પરિણામની માહિતી આપવી) | વિદ્યાર્થી આગળના વર્ષમાં જવા એલીજીબલ બનેલ છે? હા કે ના |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

### અનુ.જન જાતિના વિદ્યાર્થીઓનો પ્રગતી અહેવાલ

### વર્ષ ૨૦૧૯-૨૦

| ક્રમ | નામ | અભ્યાસક્રમ | વર્ષ અંતિત પરિણામ(જો સેમેસ્ટર સિસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરના પરિણામની માહિતી આપવી) | વિદ્યાર્થી આગળના વર્ષમાં જવા એલીજીબલ બનેલ છે? હા કે ના |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

| શીટ નંબર ૩ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કોલેજનું નામ | અભ્યાસક્રમનું નામ | અભ્યાસક્રમનું વર્ષ | ક્યા ક્વોટામાં એડમીશન મેળવેલ છે. | ડિજીટલ ગુજરાત પર ભરેલા એપ્લીકેશન ફોર્મમાં ક્યો ક્વોટા દર્શાવેલ છે? | વિદ્યાર્થીનું સચોટ કાયમી સરનામું | વિદ્યાર્થીના સંપર્ક નંબર | વાલીના સંપર્ક નંબર |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |